


# ઈસુના મૃત્યુદિનને ગુડફ્રાઈડે શા માટે કહીએ છીએ?

સત્સંગ વિશેષ
મરીના એ. ફર્નાન્ડીઝ

શુભ શુક્રવાર (ગુડફ્રાઈડે) શા માટે કહીએ છીએ? તે દિવસે ઈસુ મરણ પામ્યા હતા. તો શુભ શા માટે કહીએ છીએ એ પ્રશ્ન સૌના મનમાં થતો હશે.

ઈસુએ આપણા પાપોના તારણ માટે મોતને ભેટી, આપણને પાપોમાંથી મુક્તિ અપાવી પાપનાં બંધનોમાંથી મુક્ત કર્યા તેથી શુભ ગણાય. ઈસુ જે દિવસે મૃત્યુ પામ્યા તે દિવસ શુક્રવાર હતો તેથી શુભ શુક્રવાર.

આમ, તો ઈસુના મરણ દિવસે વિશ્વના તમામ ખ્રિસ્તી બંધુઓ શોક પાળે છે. પ્રાર્થના અને ઉપવાસ કરે છે.

શુભ શુક્રવારે ઈસુની મહાવ્યથાની કથા સાંજની ઉપાસના વિધિમાં ગાવામાં કે વાંચવામાં આવે છે. તે દિવસે સવારે યુવાનો ઈસુની મહાવ્યથાને નાટકમાં રજૂ કરે છે જેથી ઈસુએ ભોગવેલી પીડાનો અહેસાસ કરી દરેક પોતાના પાપનો પશ્ચાત્તાપ કરે.

બાઈબલમાં જૂના કરારના યશાયાગ્રંથમાં ઈસુ ઉપર થનાર અત્યાચારનું પહેલેથી જ ભવિષ્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રભુ કહે છે, ''મારો નિર્દોષ સેવક પોતાના દુઃખથી અસંખ્ય લોકોને દોષમુક્ત કરશે અને તેમના ગુના પોતાને શિરે લઈ લેશે'' (યશાયા 53:1,2)

પ્રભુ કહે છે, ''હજી પણ પૂરા દિલથી મારા પ્રત્યે પાછા વળો, ઉપવાસ કરો, રૂદન કરો અને છાતી કૂટો. પશ્ચાત્તાપથી તમારા હૃદય ફાડો નહિ કે તમારાં કપડાં'' (યોએલ 2:12,13)

પણ લોકો ખૂબ જ હઠીલા હતા. પોતાની દુષ્ટતાને કારણે તેઓ આંધળા થઈ ગયા હતા. ઈશ્વરની યોજનાનું રહસ્ય જાણતા ન હતા.

પરમેશ્વરને પોતાની પ્રજા ઉપર ખૂબ જ પ્રેમ હતો. પોતાની પ્રજાને પાપથી છોડાવવા પોતાના એકના એક પુત્રને જગતમાં મોકલ્યો.

ઈસુ ખ્રિસ્ત પાપીઓના ઉદ્ધાર કરવા જગતમાં આવ્યા. (1 તિમોથી 1:15)

ઈસુએ ત્રીસ વર્ષની ઉંમરે જાહેર જીવનમાં કાર્યો શરૂ કર્યા. લોકોને દૃષ્ટાંત દ્વારા સમજાવતા, ઉપદેશો આપતા, પાપોથી દૂર રહી ઈશ્વરની નજદીક આવવા માટે હાકલ કરતા, ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા, લોકોને સાજા કરતા તથા અનેક ચમત્કારો પ્રભુના નામે કરતા હતા. લોકો તેમની વાતો સાંભળતા, પોતાની પીડામાંથી મુક્ત થવા ઈસુની પાછળ પાછળ જતાં. તેમના શિષ્યો બનતાં. આ બધું જોઈ શાસ્ત્રીઓ, પુરોહિતો અને ફરોશીઓ ઈસુ પર અદેખાઈ અને ગુસ્સો કરવા લાગ્યા. તેઓ ડરી ગયા કે લોકો તેમનું માને છે તેથી ઈસુને ગુનેગાર ઠરાવવા માટે બહાનાં શોધવા લાગ્યા.

એક જાહેર સભામાં ઈસુ બોલે છે. ''હું કોણ છું અને ક્યાંનો છું તમે જાણો છો પણ હું પોતે થઈને નથી આવ્યો. ખરેખર કોઈએ મોકલ્યો છે અને મને મોકલનારને તમે ઓળખતા નથી.'' (યોહાન 7:28,29)

અહીં ઈસુ પરમ પિતાની વાત કરે છે. ઈસુ જાણતા હતા હવે પોતાનો સમય નજદીક આવી રહ્યો છે તેથી તેઓએ પોતાના શિષ્યને કહ્યું, ''માનવપુત્રે પુષ્કળ દુઃખ વેઠવાં જોઈએ, પ્રજાના આગેવાનો, મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓને હાથે તેનો અસ્વીકાર થવો જોઈએ, તેણે વધેરાઈ જવાનું છે અને ત્રીજે દિવસે પાછા સજીવન થવાનું છે.'' (લૂક 9:22)

આમ પોતાના મરણની આગાહી કરતા ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, તમે જાણો છો કે હવે, બે દિવસમાં પાસ્ખાપર્વ આવે છે એ પ્રસંગે માનવપુત્રને ક્રૂસે ચડાવવા માટે સોંપી દેવામાં આવશે. (માથ્થી 26:1,2)

ઈશ્વરપુત્ર હોવા છતાં મૃત્યુ નજદીક છે એમ જાણી



**જગતનાં પાપોની પૂરેપૂરી કિંમત ચૂકવી દેવા ઈસુ ત્રણ-ત્રણ કલાક સુધી આકરી યાતના વેઠે છે. પછી પિતાએ સોંપેલુ કામ પૂરું કરી તેઓ પોતાના પ્રાણ પિતાના હાથમાં સોંપી દે છે**

સામાન્ય માનવીની જેમ ઈસુ પણ અસ્વસ્થ અને નિર્બળ બન્યા. તેઓને તીવ્ર વેદના થઈ પછી તેમણે પરમ પિતાને પ્રાર્થના કરી, ''હે પિતા જો તારી ઈચ્છા હોય તો મારી આગળથી આ પ્યાલો લઈ લે. તેમ છતાં મારી નહિ પણ તારી ઈચ્છા પૂર્ણ થાઓ.'' ત્યારે સ્વર્ગના એક દેવદૂતે દર્શન દીધા અને તેમને બળ આપ્યું (લૂક 22: 41-43)

એક બાજુ મુખ્ય પુરોહિતો અને પ્રજાના આગેવાનોએ ઈસુને છળકપટથી પકડાવીને મૃત્યુદંડ દેવડાવવાનો નિર્ણય કર્યો હતો. ઈસુનો એક શિષ્ય યહૂદા પણ ઈસુને પકડાવી આપવા માટે સામેલ થયો. ઈસુ અને તેમના શિષ્યો ક્યાં મળતા હતા તે જગ્યાની ખબર હતી. તેથી દગો દેનાર યહૂદા, સૈનિકો અને મુખ્ય પુરોહિતો અને ફરોશીને લઈ આવી પહોંચે છે, ઈસુને પકડવામાં આવે છે.

ઈસુને પકડવામાં આવ્યા પછી તેમની ઉપર પહેરો ભરતા સિપાઈઓ તેમને મારવા લાગ્યા તેમની મશ્કરી કરી, તેમનું અપમાન કરતા રહ્યા. બીજે દિવસે ઈસુને વરિષ્ઠ સભા સમક્ષ હાજર કરી અનેક સવાલો પૂછે છે પણ ઈસુ કોઈનો પ્રત્યુત્તર આપતા નથી. ઈસુ ઈશ્વરપુત્ર છે તે તેના મોઢેથી કહ્યું છે. હવે કોઈ સાક્ષીની જરૂર નથી એમ કહી ઈસુને સુબાના દરબારમાં પિલાત પાસે લઈ ગયા તેની ઉપર ખોટા આરોપો મૂકવામાં આવ્યા પણ પિલાતને ઈસુમાં કોઈ દોષ દેખાતો ન હતો. તેથી તેને છોડી દેવા માંગતા હતા પણ તેના પ્રયાસો નિષ્ફળ ગયા. તે લોકોથી ડરી ગયો, પોતાનું પદ અને પ્રતિષ્ઠા સાચવવા લોકોની માંગણી મંજૂર રાખી. તે સમયે યહૂદીના રિવાજ પ્રમાણે પાસ્ખાપર્વ ઉપર એક ગુનેગારને છોડવાનો હોય છે. લોકો બરબ્બાસને છોડીને ઈસુને ક્રૂસ પર ચડાવવાનો પોકાર કરવા લાગ્યા. બરબ્બાસને હુલ્લડ અને ખૂનને માટે કેદમાં પૂરવામાં આવ્યો હતો.

પિલાત ઈસુના ખૂનની બાબતમાં નિર્દોષ છે એવું બતાવવા તેમણે લોકોના દેખતા પોતાના હાથ ધોઈ નાખ્યા અને ઈસુને ચાબખા મારવા લોકોને હવાલે કર્યા.

ઈસુને કાંટાનો મુગટ પહેરાવ્યો, ચાબખા મારતા તેમને ક્રૂસે ચડાવવા લઈ ચાલ્યા.

ઈસુના સમયમાં ક્રૂસ ઘૃણાજનક ગણાતો હતો. ગુનેગારોને આકરી સજા માટે ક્રૂસ ઉપર લટકાવવામાં આવતા હતા. તે ક્રૂસ ઈસુના ખભે મૂકીને ચાબખા મારતાં મારતાં કાલવારી તરફ પ્રયાણ કરે છે. માર્ગ ખૂબ ખાડા ટેકરાવાળો છે. ઈસુને ઠોકર લાગતા ઈસુ ક્રૂસ સાથે ત્રણ-ત્રણ વાર ભોંયે પટકાય છે. જલ્લાદો ચાબખા મારી ઈસુને ઊભા કરે છે. ત્યાંથી પસાર થતાં કુરેન ગામના સિમોન નામના એક માણસને સિપાઈએ પકડી ક્રૂસ તેના ઉપર ચડાવી તેને ઈસુ પાછળ પાછળ આવવાનું કહ્યું. (લૂક 23:26)



સિમોનને ઈસુને થોડી મદદ કરવાની તક મળી. ઈસુમાં શ્રદ્ધા રાખનારા લોકો ઈસુ પાછળ પાછળ ચાલી રહ્યા હતા.

ઈસુની વેદનાથી તેમની આંખોમાં આંસુ હતા. રસ્તાની એક છેડે ઈસુની મા તેમની સાથે હતાં. પોતાના પુત્રને ગુનેગારમાં ખપેલ જોઈ તેમને અસહ્ય પીડા થતી હતી. ઈસુના જન્મ સમયે વૃદ્ધ શિમયોને ઉચ્ચારેલી વાણી સાચી પડી. ઈસુની પાછળ વિલાપ કરતી સ્ત્રીઓને ઈસુએ કહ્યું, ''યરુશાલેમની દીકરીઓ મારે માટે રડશો નહિ, તમારા પોતાને માટે અને તમારાં સંતાનો માટે રડો. કારણ એવા દિવસો આવી રહ્યા છે. જે વંધ્યા છે જેણે નથી જણ્યું કે નથી ધવરાવ્યું તે ભાગ્યશાળી છે.'' (લૂક 23:27-29) ઈસુની સાથે બીજા બે ગુનેગારોને પણ દેહાતદંડ માટે લઈ જતા હતા. છેવટે તેઓ હિબ્રુ ભાષામાં 'ગુલગથા' -એટલે ખોપરીનું સ્થાન નામની જગ્યાએ પહોંચ્યા જ્યાં ઈસુને ક્રૂસે જડાવવાના હતા. ઈસુને કટુરસ ભેળવેલો દ્રાક્ષાસવ પીવા આપ્યો. તેને ચાખ્યા પછી તેમણે તે પીવાની ના પાડી. ઈસુનું આખું શરીર ફટાકાના મારથી લોહીથી ખરડાયેલું હતું. વસ્ત્રો ચોંટી ગયાં હતાં. નિર્દય સિપાઈએ વસ્ત્રો ખેંચી કાઢ્યાં. ઈસુને ક્રૂસ ઉપર સુવડાવી જલ્લાદો ઈસુના જમણા અને ડાબા હાથમાં ખીલા ઠોકી દે છે. તે રીતે ઈસુના બે પગ ભેગા કરી ખીલા ઠોકી ઈસુને ક્રૂસ સાથે જડી દેવામાં આવે છે. તેમની સાથે બે ગુનેગારને પણ એકને જમણી અને એકને ડાબી બાજુ ક્રૂસે લટકાવવામાં આવે છે.

ત્યાર પછી ઈસુ બોલ્યા, ''હે પિતા, આ લોકોને માફ કર. પોતે શું કરે છે, એમનું એમને ભાન નથી.'' (લૂક 23:34)

ક્રૂસ પાસે ઈસુની માતા અને તેમના વહાલા શિષ્ય યોહાન ઊભા હતા. યોહાનને એમના માતાની ભાળવણી કરે છે. (યોહાન 19:26, 27)

બપોરથી ત્રણ વાગ્યા સુધી આખા પ્રદેશ ઉપર અંધકાર છવાઈ જાય છે.

તરસની અસહ્ય પીડા સહન કરે છે. જગતનાં પાપોની પૂરેપૂરી કિંમત ચૂકવી દેવા ઈસુ ત્રણ-ત્રણ કલાક સુધી આખરી યાતના વેઠે છે. પછી પિતાએ સોંપેલુ કામ પૂરું કરી તેઓ પોતાના પ્રાણ પિતાના હાથમાં સોંપી દે છે. એક સિપાઈ ભાલાથી ઈસુનું હૃદય વીંધી નાખે છે. લોહીના રહ્યાંસહ્યાં બુંદ પણ આપણી મુક્તિ ખાતર ટપકી જાય છે.

ઈસુની ચોકી કરતા સુબેદારો અને તેના માણસો ધરતીકંપ અને જે કંઈ બન્યું હતું તે જોઈને ખૂબ ડરી ગયા અને કહેવા લાગ્યા, ''સાચે જ એ ઈશ્વરનો પુત્ર હતો.'' (માથ્થી 57:54)

સાંજ પડી ગઈ હતી. યોસેફ નામના ઈસુના એક શિષ્યે પિલાત પાસે ઈસુના શબની માંગણી કરી, શબને સ્વચ્છ વસ્ત્રમાં વીંટાળ્યું અને ખડકમાં કોરી કાઢેલી એક નવી કબરમાં ઈસુના શબને દફનાવવામાં આવ્યું.

આમ, ઈસુ, માનવદેહ ધારણ કરી પાપીના તારણ માટે પોતે મૃત્યુને ભેટ્યા. પાપની મુક્તિ ખાતર પોતાની જાતને કુરબાન કરી.

હે પ્રભુ, અમારા સૌનાં પાપ માફ કરો. તમારી કુરબાનીને એળે ન જવા દઈએ, પાપના માર્ગે ન જતા, ધર્મના માર્ગે ચાલીએ એવી કૃપા આપો.